# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૯ અંક : ૨૩૮

પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હીરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com
Web : www.kutchibhavanhyd.org

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**

નેપાલ તથા ભારતના નોર્થ-ઈસ્ટ પ્રદેશમાં આવેલ ભિષણ ભૂકંપમાં મોટા પ્રમાણમાં જાનહાની થઈ. લાખો લોકો ઘર વગરના થઈ ગયા. કુદરતી આવી પડેલ આવી પ્રત્યેક આફતમાં અવસાન પામેલ આત્માઓને શાંતિ પ્રાપ્ત થાય તેવી સમસ્ત સમાજ વતી પ્રભુ પાસે અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરું છું. લાખો લોકો ઘરબાર વગરના થઈ ગયા છે તેઓનું જીવન ફરીથી ધબકતું થાય તે માટે પણ પ્રભુ પાસે પ્રાર્થના.

જાુન માસમાં આપણા કચ્છી મિત્ર મંડળની ચુંટણી યોજાશે. સૌ સભ્યોને સમાજના કાર્યોમાં સહયોગ આપવા વિનંતી છે. વિચારની જાગૃતી વિના માનવી જીવનમાં પ્રગતિ કરી શકતો નથી. વિચારો વગર વાંચવું એ બિલકુલ એવું જ છે, જેવું પચાવ્યા વગર ભોજન કરવું. જીવનની દરેક પળોમાં આનંદનો અનુભવ કરવો. જે હસ્યા વિના જીવી શકે છે તે શ્રીમંત નથી અને જે હમેશા હસી શકે છે તે ગરીબ નથી. પવનને આપણે દિશા આપી શકતા નથી. પણ આપણો શઢ પવનને અનુકુળ કરી શકીએ છીએ. ચૂપ રહીને પોતાના કામમાં રચ્યા પચ્યા રહેવું એ બદનામીનો સૌથી મોટો જવાબ છે.

જીવ આપીને પણ જે યશ મેળવી શકાતો નથી
તે સારી જીભ વાપરીને મેળવી શકાય છે.
વગર વિચાર્યુ બોલે તે છે સંસારી
વિચાર કરી અને તોલીને બોલે તે સંયમી છે

★ ★ ★

સાધના વગર સિદ્ધી નકામી અને સિદ્ધી વગર પ્રસિદ્ધી નકામી
પ્રેમ દયા ને કરૂણા વગર સાચા માનવીની પહેચાન નકામી..

★ ★ ★

જીવન અરિસા જેવું બનાવો
અરિસામાં સ્વાગત બધાનું પણ સંગ્રહ કોઇનો નહીં
જીવન મેળવો નિતીથી ભોગવો રીતથી અને આપો પ્રીતથી...

**હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો**
**www.kutchibhavanhyd.org.**
**http://www.asanjokutch.com**



## માનદમંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

કમોસમી વરસાદ પછી તાપમાન એકદમ વધી ગયેલ છે. આવા સમયે, ખાવાપીવા અને બહાર ફરવા ઉપર નિયંત્રણ રાખવું જરૂરી છે. બાળકો માટે ઈત્તર પ્રવૃતિઓમાં ધ્યાન આપી નવી યોગ્યતાઓ શીખવાનો સમય એટલે વેકેશન, સમયનો સદ્‌ઉપયોગ કરી વિવિધ ક્ષેત્રોમાં નિપુણતા હાસીલ કરી શકાય છે.

આપણા પાડોશી રાષ્ટ્ર નેપાલમાં ભયંકર ભુકંપ આવવાથી જાન માલની ઘણી નુકશાનીઓ થવા પામી છે. આવી પડેલ સંકટની ઘડીયોમાં પ્રભુ એમને પ્રકૃતિ સામે લડવાની શક્તિ આપે એવી અભ્યર્થના.

તારીખ ૨૮-૩-૨૦૧૫ના દિવસે ટ્રસ્ટબોર્ડ અને કારોબારી સમિતિની સંયુક્ત સભા યોજવામાં આવેલ. તા. ૨૧-૬-૨૦૧૫ રવિવારના દિવસે સમાજની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ છે. નાણાકીય વર્ષની સમાપ્તિ પર ઓડીટનું કાર્ય પુર્ણ થઈ ગયેલ છે, સમયસર ઓડીટની કાર્યવાહી વ્યવસ્થિત રીતે પુર્ણ પાડવા બદલ ખજાનચી શ્રી મનીષભાઈ સાવલાને અભિનંદન.

શૈક્ષણીક વર્ષ પુર્ણ થયેલ છે. વિદ્યાર્થી વર્ગ આપેલ પરીક્ષાઓના રિઝલ્ટ માટે આતુરતાથી રાહ જોતા હશે, દરેક વિદ્યાર્થીઓને સફળતા માટે શુભ કામનાઓ.

તા. ૧૦-૫-૨૦૧૫ રવિવારના શાન્તિવન સમિતિ દ્વારા કાર્યક્રમું આયોજન કરવામાં આવેલ છે. વડીલ મેમ્બરોને વધૂમાં વધૂ સંખ્યામાં ઉપસ્થિત રહેવા વિનંતી.

લગ્નસરા નિમિત્તે મે માસ દરમ્યાન ભવન બુકીંગ સારી રહેવા પામેલ છે, ખાલી રહેતા દિવસોમાં ભવન બુકીંગમાં વધારો કરવા માટે નવા આયોજન અને યોજનાઓ ઉપર વિચાર કરવો જરૂરી થઈ રહેલ છે.

સામાજીક કાર્યક્ષેત્રમાં જે કોઈ કાર્યકર્તા એમનો યોગદાન અને મુલ્યવાન સમય આ કાર્યો માટે અર્પણ કરી રહેલ છે એવા સૌ કાર્યકર્તાઓનો હ્રદયપુર્વક આભાર.

શ્રીયુત વિનેશ ભુલશંકર જોશી તરફથી સુપુત્રી પુજાબેનના લગ્ન નિમિત્તે રૂા. ૫૦૦૦/- મંડળને ભેટ મળેલ છે. તેમનો આભાર...

## SMS

જે સભ્યોનું નંબર એસ.એમ.એસ સુવિધા માટે નોંધ કરાવેલ હોય અને એસ.એમ.એસ ન મલતા હોય એમને પોતાનું નંબર ડીએનડી માં એકટીવેટ છે અથવા નહીં તેની જાણ કમ્પનીમાંથી મેળવી લેવા વિનંતી. **ડી.એન.ડી સર્વીસ ડી એક્ટીવેટ કરવાથી એસ.એમ.એસ મળી શકશે.**

દરેક પરિવારમાંથી એક સભ્યનો ફોન નંબર આ સર્વીસ માટે નોંધ કરવામાં આવે છે, આપના પરિવારમાં આ સેવા ઉપલબ્ધ ન હોય તો આપ નંબર અને નામ વ્યવસ્થિત લખી ઓફીસમાં જમાં કરાવતા, લીસ્ટ જ્યારે અપડેટ કરવામાં આવે ત્યારે નંબર અપડેટ કરવામાં આવશે.

મરણ નોંધ અને પ્રાર્થના સભાના મેસેજીસ વધૂ માં વધૂ ૧૬૦ કેરેક્ટરમાં મોકલવામાં આવશે.



# સંપાદકીય

સંપાદિકા : **દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

કોઈ જ્ઞાનીએ એક લાખ ટકાની વાત કરી છે. **"Mind is Monkey"** મન માંકડું છે. વાંદરો સવારના જાગે ત્યારથી એક ડાળથી બીજી ડાળે, એક ઝાડથી બીજા ઝાડ ઉપર એમ આખો દિવસ કુદકા મારતો રહે છે. કોઈ એક જગ્યાએ સ્થીર બેસી નથી શકતો. ફક્ત રાતના સુવે ત્યારેજ તે ઝંપે છે. મનુષ્યનું મન પણ એવુંજ કંઈક છે. તે સવારના ઉઠે ત્યારથી તેના મનમાં સેંકડો વિચારો ઉભરાતા રહે છે કીડીઓની જેમ.

એક સામાન્ય માનવીને આખા દિવસમાં ૬૪૦૦૦ થી વધારે વિચારો આવતા હોય છે એમાં મોટા ભાગના લોકોને ૪૦૦૦ જેટલા પોઝીટીવ વિચાર આવતા હશે અને બાકી ૬૦૦૦૦ નેગેટીવ વિચાર આવતા હશે. એજ વિચારોની અસર વ્યક્તિના તન અને મન ઉપર થાય અને શરીરમાં રહેલાં સેલ્સ પર પણ થાય. ખરાબ સમાચાર સાંભળવામાં આવે તો મન ઉદાસ થઈ જાય છે અને સારા સમાચાર મળતા મન પ્રસન્ન થઈ જાય છે.

વ્યક્તિ જ્યારે સૂઈ જાય છે ત્યારે તેનું વિચારવાનું બંધ થઈ જાય છે. વિચારો શાંત થઈ જાય છે. એટલે એ બધીજ એનર્જી આપણા બોડીના સેલ્સને ચાર્જ કરે છે. જે વ્યક્તિ રાત્રે ઈશ્વરને યાદ કરી સૂવે છે તે શાંતિથી રીલેક્સ થઈને ઊંઘી શકે છે, તેનું તન મન પ્રસન્ન રહે છે કેમકે તેના સેલ્સ પોઝીટીવલી ચાર્જ થાય છે.

જેટલાં વિચારો ઓછા એટલું મન સ્વસ્થ રહે, જેટલાં વિચારો વધારે એટલું મન અસ્વસ્થ રહે છે. જે વિચારો ઓછા કરતા હોય છે તેનું મન શાંત રહે છે, ચહેરો સ્વસ્થ રહે છે, સદાય ચમકતો રહે છે. જે ખૂબ જ વિચારો કરતા હોય તેમને અકાળે ઘડપણ આવી જાય છે.

**હમેશા ઓછા વિચારો, પોઝિટીવ વિચારો અને કાયમ પ્રસન્ન રહો મેડિટેશન કરો અને સફળતા પામો.**

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- **AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-**
- **AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-**

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)



**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯ (જા.ખ.)

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre,
Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.

*તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક*

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337** (જા.ખ.)

# ANAND B. CHHEDA

**Hyderabad : 099633 52547 - Mumbai : 097696 22212**

*Special Types of Khakhras from Mumbai like...*

- ❖ Spl. Corn Chat
- ❖ Spl. Cheeze
- ❖ Spl. Kachori Masala
- ❖ Spl. Baajara Methi
- ❖ Diet Methi Sada
- ❖ Spl. Jom yum
- ❖ Spl. Corriander Chilli
- ❖ Spl. Multi Grain
- ❖ Punjabi Masala
- ❖ Diet Jeera Sada

**& Many more Flavours of Regular & Masala Khakhras**

*Special Roasted Snacks from Mumbai Like...*

- ✓ Papad Basmati Chewda
- ✓ Wheat Chewda
- ✓ Soya Chewda
- ✓ Wheat Puff Masala
- ✓ Mahalaxmi Chewda
- ✓ Basmati Wheat Chewda
- ✓ Oats
- ✓ Multi Grain
- ✓ Bajari
- ✓ Corn Diet
- ✓ Basmati Chewda
- ✓ Makai Chewda

**મુંબઈના સ્પેશલ ખાખરા :**

- ❖ સ્પે. મકાઈ ચાટ
- ❖ સ્પે. ચીઝ
- ❖ સ્પે. કચોરી મસાલા
- ❖ સ્પે. બાજરા મેથી
- ❖ ડાયટ મેથી સાદા
- ❖ સ્પે. ટોમ યમ
- ❖ કોરીયન્ડર ચિલ્લી
- ❖ મલ્ટી ગ્રેન
- ❖ પંજાબી મસાલા
- ❖ ડાયટ જીરા સાદા

અને બીજા ઘણા બધા વેરાઈટીના સાદા અને મસાલા ખાખરા.

**મુંબઈ ના સ્પેશલ રોસ્ટેડ નાસ્તા :**

- ✓ પાપડ બાસમતી ચેવડા
- ✓ ઘઉં ચેવડા
- ✓ સોયા ચેવડા
- ✓ ઘઉં પફ મસાલા
- ✓ મહાલક્ષ્મી ચેવડા
- ✓ બાસમતી ઘઉં ચેવડ
- ✓ ઓટ્સ
- ✓ મલ્ટી ગ્રેન
- ✓ બાજરી
- ✓ મકાઈ ડાયટ
- ✓ બાસમતી ચેવડા
- ✓ મકાઈ ચેવડા

(જા.ખ.)

**Address : Anand B. Chheda**

**C/o. Reeta P. Gala, Flat No. 473, Kanakadurga Bhavan,**

**Behind Venkataramana Theatre, 3-4-255, Kachiguda, Hyderabad - 27**

**(Free Home Delivery - 5 kgs & Above)**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત :

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | ગૌ-ઘાસ | જીવદયા |
|---|---|---|---|---|---|---|---|
| ચંદ્રકાંત કાંતિલાલ મોતા | ૫૦૦ | - | - | - | - | - | - |
| વસંત દામજી દેઢીયા | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨ | ૧૦૦૦ | ૧૦૦૦ | - | - |
| પ્રફુલ્લ કે. ધરોડ | - | ૨૦૦૦ | ૧ | ૨૦૦૦ | - | - | - |
| એક સદગ્રહસ્થ તરફથી | - | ૫૦૦ | - | - | - | - | - |
| કરૂણા પંકજ નંદુ | - | ૫૦૦ | - | - | - | - | - |
| વિનોદ વી. મહેતા | - | - | - | - | - | - | ૬૦૦ |
| કલ્પના કાંતિલાલ લોડાયા | - | - | ૨ | - | - | - | - |
| સીકન્દ્રાબાદ મહિલા મંડળ, હઃ કરૂણા નંદુ | - | - | ૭ | - | - | - | - |
| જગદિશ વીરજી ગાલા | - | - | - | - | - | ૪ | - |
| ભીમશી ડુંગરશી સાવલા | - | - | ૨ | - | - | - | - |
| હિના હિતેન સંઘોઈ | - | - | - | - | - | ૨ | - |
| શ્રીમતી લક્ષ્મીબેન ચુનિલાલ ગાલા | ૫૦૦ | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રીમતી વિમળાબેન હર્ષદ ધરોડ ષષ્ટી પૂર્તી નિમીત્તે | ૫૦૦ | - | ૪ | ૨૦૦૦ | - | - | ૫૦૦ |

## છાસ વિતરણ કેન્દ્ર

**૧) ૭૦૦૦/- સખી મીલન**
**૨) ૭૦૦૦/- એક સદગ્રહસ્થ તરફથી**
**૩) ૭૦૦૦/- શ્રી શાંતિ સિલેક્શન**
**૪) ૭૦૦૦/- શ્રીમતી રીટા હરીશ ગાલા**
**૫) ૭૦૦૦/- શ્રીમતી જયવંતીબેન નેમજી કાનજી ધરોડ**
**૬) ૭૦૦૦/- શ્રીમતી જયાબેન નેમજી કક્કા**
**૭) ૭૦૦૦/- શ્રી તલકશીભાઈ નાનજી ગાલા**
**૮) ૭૦૦૦/- શ્રી નવિન શામજી ભેદા**

જત જણાવવાનું કે મૂઠીભર અનાજ યોજના પોતાના ૧૦ વર્ષ પુરા કરી ૧૧ માં વર્ષમાં પ્રવેશ કરે છે. આજ સુધી અમારા આ સફળ પ્રયાસ માટે ખાસ કરીને વોલીન્ટર ભાઈ-બહેનોને તથા આ યોજનામાં જે સભ્ય પરિવારે નામ લખાવી પ્રતિ માસ અનાજ અર્પણ કરે છે. તેને જાય છે. સૌ સભ્યોને અમારા માનવમિત્ર સમિતિ તેમજ મૂઠીભર અનાજ યોજનાના મુખ્ય સંચાલક શ્રી હિતેન મણિલાલ સંઘોઈને ખુબ ખુભ આભાર.

## માવજત સમિતિ

સંચાલક: **કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**
સહસંચાલક: **અમૃતલાલ દામજી વોરા ૯૪૪૧૦ ૭૭૨૮૧**

**Mediclaim Insurance :** અગાઉ આપને જણાવ્યા મુજબ હોસ્પિટલમાં સારવાર લેતા પહેલા અને ક્લેમ મોકલતા પહેલા (જો **reimburse** કરાવતા હો તો) પેમેન્ટ ક્યારે મળશે, કંપનીનો કવરીંગ લેટર વગેરે વગેરેની જાણકારી માટે **સભ્યોને હવે પોતેજ** આપણા ઈન્સ્યુરન્સ એજન્ટ શ્રીમતી લલિતા મોદાની અથવા શ્રી મધુ મોદાનીના સંપર્કમાં રહેવું પડશે. એમના માર્ગદર્શન મુજબ હોસ્પિટલના બીલ્સ કેવી રીતે જોઈએ, ક્લેમ પેપરો બરાબર છે કે કેમ ઈત્યાદી જાણકારી તેમની પાસેથી પોતે જ મેળવવી પડશે. સહુને ખાસ ધ્યાન રાખવા વિનંતી.


## ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ...

**એકદમ ગરમાગરમ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન થેપલા, જુવાર તથા બાજરાના રોટલા પણ મળશે. ભોજન સંબંધી કોઈ પણ પ્રકારના નાના ઓર્ડર માટે સંપર્ક કરો. ઘરે બેઠાં - બેઠાં ટિફિન મંગાવો અને જમવાનો આનંદ લો...**

**સંપર્ક : પુષ્પા હસમુખ ગાલા, ૯૨૯૦૪ ૪૩૩૬૪, ૯૨૪૭૧ ૩૮૯૫૫** (જા.ખ.)




# Jamnagar Famous Kachori
## 500 gms. Gift Pack



SHREE
# Neminath
SWEET & FARSHAN

**Jalaram Namkeen**
Near Ganesh Temple,
Kutbiguda,
Hyderabad

**Galaxy Foods**
Vijayalaxmi Apartments
FlatNo.501,
Near Jain Temple,
Kachiguda,
Hyderabad
Ph : 924611 4605

**Kulpak Tirth Yatra Sangh**
Arihant Sulabh Apt.
Beside Bank of India
Near Jain Temple,
Kachiguda, Hyderabad
Ph : 924653 2545

श्री नेमिनाथ
સ્વીટ એન્ડ ફરસાણ

## Shanti PRIMARY SCHOOL

Sanchalak : **DIRGESH HIRJI NISHAR**
**PH : 93933 79797**

As we come to the end of the academic year, 2014-2015 we retrospect with gratitude and humility at our achievements.

We are glad to inform you that it was an eventful year with plethora of events, celebrations and remarkable activities.

Good things take time to develop but when they are accomplished, they are considered great accomplishments. It has always been our evdeavour to do our best and with perfection in whatever we do.

**ADMISSIONS ARE IN PROGRESS.**

We hope to see every students on the first day of the next accademic year, fully refreshed and highly enthusiastic to face the challenges of the new year, resolving to be committed and dedicated towards studies aiming for perfection and excellence.

We would like to thank Mrs. Dimple P. Ved for donating wooden fence and a Notice board to our school.

## SHIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
**Cell No : 9848129772**

KMM Shikshan Samiti wishes heartiest congratulations to all the students of Class XI and XII who have passed out in flying colors and good luck for the entrance exams of IIT, IIIT, Engineering, Medicine, CA & CA Inter & Finals and MBA.

A) Shikshan Sahayata Scheme for needy families will start from 15th May 2015 for the academic year 2015-2016. Forms can be collected from office.

B) WEF 1st Dec. 2014 KMM Shikshan Samiti has launched. **Educational Loan Scheme**. Interest free loan upto Rs. 1,00,000/- (Rupees One Lakh Only) would be provided to needy students for pursuing Post Graduation studies in recognized universities in India and Abroad. Parents of the Students wishing to avail this scheme can approach KMM office for details.

C) Scholorship Grant for higher Education for a meritorious student going in for Post Graduation from the new Academic Year 2015-2016 has been initiated. The Scholorship amount will be the First Year Fees or Rs. 50,000/- (Rupees Fifty Thousand) which ever is minimum.

**THE STUDENT WILL BE SELECTED ON THE FOLLOWING CRITERIA**

1) Selection will be based purely on Merit with Highest marks in graduation.
2) Applicant should have completed his/her graduation with minimum of 85.5% or 9CGPA.
3) Applicant should submit the following documents along with the application letter mentioning KMM membership number of the Parent.
   a) Passport Size Photograph.
   b) Photo copies of Mark sheets of Xth, Inter or 12th and Degree all semesters.
   c) Certificates of Extra - Curricular Activity, if any, in Sports or Arts.

# ABHA BEAUTY PARLOUR & SPA SALOON

Specialist in Bridal Mehendi & Make-up
Also Beauty Mehendi & Grooming Classes



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial & Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

Now at New & Spacious Space

***Home service Facility is also available***
***Sunday Closed***

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*3-4-74/2, 1st Floor, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

- ❊ પાંચ ધાન્યના (મગદરીયા) લાડુ
- ❊ ડ્રાયફ્રૂટ લાડુ (ઘંઉના)
- ❊ નાચણી (રાગી) ખજૂર લાડુ
- ❊ ફીણીયા લાડુ
- ❊ અદરખ ડ્રાયફ્રુટ લાડુ
- ❊ ગોળ પાપડી
- ❊ કોકોનેટ બીસ્કીટ

• સાંગલીના ભડંગ • પૂનાનો લક્ષ્મીનારાયણ ચીવડો • શીંગદાણાની ચટણી
• સિકંદરના ખારી શીંગ • ચણા

ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

(જા.ખ.)

CONTACT : PRAVIN K. CHHEDA
102, Uma Residency, Near Jineshwardam, Kachiguda, Hyderabad - 500 027
PRAVIN CHHEDA - 89857 59320 PREMILA CHHEDA - 90146 66932

# સંસ્થા સમાચાર

❖ **શ્રી મહાકાલી ભક્તિ મંડળ - હૈદ્રાબાદ :** શ્રી મહાકાલી ભક્તિ મંડળ હૈદ્રાબાદના ઉપક્રમેં જેઠ સુદ ૬ રવિવાર તા. ૨૪ મે ૨૦૧૫ ના સાંજના ૪ થી ૬ વાગ્યા સુધી અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી માઁ મહાકાલી માતાજીની ભક્તિ ભાવના "ગુરૂકૃપા" અતિથી ગૃહ બોગલકુંટા હૈદ્રાબાદ મધ્યે રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકોને ખાસ વિનંતી કે સમયસર પધારી ભક્તિ ભાવનાની સુંદર રમઝટ જમાવશો. શ્રાવિકાઓ સાથે શ્રાવક પણ જરૂરથી હાજર રહે એ અપેક્ષનીય છે.

❖ **શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર MACS લી. :** પરિવારની ૧૩ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૯-૪-૨૦૧૫ ના હૈદ્રાબાદમાં મળી હતી. પ્રાર્થના, દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી બાદ, ચેરમેનશ્રી પ્રદિપ કેશવલાલ સંઘવીએ સહુને આવકાર્યા. વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલ મેનેજીંગ ડાયરેક્ટર શ્રી નલીન મહેન્દ્ર શાહે આપેલ. ડાયરેક્ટર ફાયનાન્સ શ્રી શાંતિલાલ મણીલાલ વોરાએ ઓડિટેડ વાર્ષિક હિસાબની રજૂઆત કરેલ તેમજ શેર મુડી ઉપર ૯ ટકા ડીવીડન્ડ આપવાની ભલામણ કરી જે મંજૂર કરવામાં આવેલ.

આ વર્ષે નિવૃત થતા ૪ ડાયરેક્ટર્સની ચુંટણીમાં સર્વશ્રી પરાગ બેચરલાલ શેઠ, સમીર રમેશ વોરા ભુપેશ ચંદુલાલ સંઘવી તથા શ્રેયસ કિરણ શાહને ચુંટણી અધિકારી શ્રી વિજય શાંતિલાલ વોરાએ વિજેતા જાહેર કર્યા.

વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે નીચે મુજબ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. **ચેરમેન** : શ્રી પ્રદિપ કેશવલાલ સંઘવી, **વાઈસ ચેરમેન** : શ્રી શાંતિલાલ મણીલાલ વોરા, **મેનેજીંગ ડાયરેક્ટર** : શ્રી નલિન મહેન્દ્રભાઈ શાહ, **ડાયરેક્ટર ફાઈનાન્સ** : શ્રી સમિર રમેશ વોરા.

**છેડા ટ્રાવેલ્સ** ઈનોવા, વીસ્ટા, ઈન્ડીકા, તુફાન, ટ્રાવેરા, બસ વગેરે

કાર ભાડેથી મેળવવા A/c. - Non A/c.

સંપર્ક : હીરાચંદ એલ. છેડા (સુથરીવાળા) - ૯૮૭૯૩ ૫૭૨૪૬

C/o. સવાણી ટ્રાન્સપોર્ટ, ભીડ બજાર, ભુજ - કચ્છ.૩૭૦ ૦૦૧



(જા.ખ.)

**Flat for SALE / RENT**

**Furnished 3BHK Flat on 3rd Floor (No lift) in Vaibhav Apts., Ramkote is for Sale / Rent.**

Contact : Nemchand Mavji Gala, 98480 20206

(જા.ખ.)



FOR ALL YOUR COMPUTER WORK

❖ SOFTWARE INSTALLATION
❖ TROUBLE SHOOTING
❖ VIRUS CLEANING ETC.
❖ NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

# જીવન ચક્ર

## પુત્ર જન્મ

| | | |
|---|---|---|
| કમલ મહેન્દ્ર પોલડીયા | બિદડા | હૈદ્રાબાદ |

## સગપણ નોંધ

| | | |
|---|---|---|
| ગુંજન મનોજ મેઘજીભાઈ નાગડા | મોટીવરંડી | હૈદ્રાબાદ |
| નિરાલી રશ્મિન ખીમજીભાઈ વોરા | પ્રતાપર | મુંબઈ |
| જય તારાચંદ પાસડ | શેરડી | હૈદરાબાદ |
| સોનલ અમૃતલાલ ગાલા | ડુમરા | હૈદરાબાદ |

## અવસાન નોંધ

| | | | |
|---|---|---|---|
| વસંતલાલ દામજી દેઢિયા | કોડાય | હૈદ્રાબાદ | ઉ.વ. ૬૭ |
| જયંતીલાલ મેઘજી મારૂ | ગોધરા | હૈદ્રાબાદ | ઉ.વ. ૭૦ |
| અરવિંદ લાલજી પાલણ | વાંકુ | હૈદ્રાબાદ | ઉ.વ. ૬૨ |



અમારા પિતાજી **શ્રી વસંતલાલ દામજી દેઢિયા**ના અવસાન નિમિત્તે પ્રાર્થના માટે હોલ ફાળવવા માટે અમે શ્રી કચ્છી મિત્ર મંડળનો આભાર માનીએ છીએ. એમની માંદગી દરમ્યાન તથા સ્મશાન યાત્રા દરમ્યાન સહાયરૂપ થનાર શ્રી માનવમિત્ર સમિતિના કાર્યકર્તાઓ, સ્વજનો તથા નામી અનામી સર્વે હેતુ સંતોષીઓનો અમે આભાર માનીએ છીએ.

**લી. વસંતલાલ દામજી દેઢિયા પરિવાર**

(જા.ખ.)

અમારા ભાઈ **શ્રી જયંતીલાલ મેઘજી મારૂ**ના અવસાન બાદ એસ.એમ.એસ. તથા કચ્છ હૈદ્રાબાદ મોબાઈલ એપ્લીકેશન દ્વારા સમસ્ત સમાજને સંદોશો મોકલવા બદલ તેમજ અંતીમ યાત્રાના આયોજન માટે મદદ રૂપ થયેલ માનવ મિત્ર સમિતીનો મારૂ પરિવાર આભાર માને છે. તેમજ તેમની માંદગી દરમીયાન મદદ રૂપ થયેલ ડો. રીટાગાલાનું પણ આભાર માનીએ છીએ.

લી. તલકશી મેઘજી મારૂ તથા ખુશાલ મેઘજી મારૂ

(જા.ખ.)



**સ્વ. શ્રી અરવિંદ લાલજી પાલણ,** ગામ કચ્છ (વાંકુ) ની પ્રાર્થના સભામાં અમારા દુખમાં સહ ભાગી થનાર સર્વે સગા સંબંધી મિત્રો તથા કચ્છી ભવનનો હોલ ફાળવવા માટે કચ્છી મિત્ર મંડળનો અને અંતિમક્રિયા તથા પ્રાર્થનામાં સહાય રૂપ થવા માટે સર્વેનો પલણ પરિવારનો અંતઃ પૂર્વક આભાર...

લિ. નિહાલ પાલણઃ ૯૫૮૧૩ ૮૯૦૯૯, ૯૩૪૭૦ ૫૨૮૩૦

(જા.ખ.)

# વિવિધા

## પ્રાર્થના - સભા

પ્રાર્થના સભા - પ્રાર્થના અને સભાનો મુખ્ય હેતુ છે પ્રાર્થના. સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવા યોજવામાં આવતી એક જાહેર સભા. ખરખરો કરવા જનારને, સગા, સંબંધીઓ મિત્રો અને ખાસ કરીને સદ્ગતના પરિવારજનોની પરસ્પર અનુકુળતાને ધ્યાનમાં રાખી નક્કી કરેલા સ્થળે ભેગા થઈ દિલાસો વ્યક્ત કરી શકાય એવી એક વ્યવસ્થા. આ સામુહિક પ્રાર્થનાનો એક ફાયદો એ થયો કે સહૃદયો તેમજ લાગણીશીલ સ્વજનોના ભરાઈ આવેલા ડુમાઓ અને રૂંધાઈ ગયેલા કંઠોને વહી જવાનો એક સામુહિક અવસર પ્રાપ્ત થાય.

પ્રાર્થના સભા પણ અલગ અલગ પધ્ધતીની હોય છે. કોઈ તંવગર ધનાઢયની પ્રાર્થના સભા તેમના કુટુંબીજનો એક મોટા સમારંભ જેવો યોજે છે. પ્રાર્થના સભા માટે મોટો સારો એસી. હોલ, સારી નામના હોય એવા ગાયક વેગેરેનું આયોજન થાય છે. આવી સભાઓ દેખાડાથી ભરપુર હોય છે.

જુદા જુદા શહેરોમાં જુદી જુદી રીતો હોય છે. મુંબઈ જેવા મોટા શહેરોમાં જ્યાં દૂરદૂરથી આવનાર હોય ત્યાં બે કલાકની પ્રાર્થના હોય છે. ત્યાં થોડા થોડા સમયે એટલે કે એકાદ ગીત થયા પછી, થોડા ઉઠીજાય, થોડા નવા આવતા જાય. કોઈ જગ્યાએ રાતના પ્રાર્થના સભા હોય છે. તે પણ કલાકની હોય છે.

આપણા હૈદ્રાબાદની પ્રાર્થના સભા ખુબ વ્યવસ્થિત હોય છે. અડધા કલાકનો જ સમય રાખવામાં આવે છે તેથી લગભગ બધા સમયસર આવે છે. વચ્ચેથી કોઈ ઉઠતું નથી અને કોઈ મંડળ કે ગીતકાર હોતા નથી. ગીતોની કેસેટ વાગે છે. સર્વત્ર શાંતી રહેલી હોય છે. ટાંચણી પડે તો પણ અવાજ આવે એટલી શાંતી હોય છે. છેલ્લે સદ્ગતના આત્મશાંતિ માટે બાર નવકાર ગણવાના. પણ ત્યારબાદ બધા ઉઠે છે અને અશાંતિ વધી જાય છે. કોલાહલ થાય છે, જોર જોરથી વાતો થતાં ઘોંઘાટ વધે છે. આડા અવળા બધા સમાચારોની આપલેનું જાણે જાહેર સ્થળ. આપણા માટે આ શરમજનક નથી લાગતું ? અને આટલી સારી પ્રાર્થના સભાપર પાણી ફેરવાઈ જાય છે. આ વાત દરેક વ્યક્તિ પોતે સમજે તોજ સુધારો થાય. અને ત્યારેજ પ્રાર્થનાનો હેતુ જળવાઈ રહે. નહીંતર મરણ જેવા નાજુક અવસરને પ્રાર્થના જેવું અલૌકિક સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય ત્યારે પ્રાર્થના સભા જેવી ગંભીર અભિવ્યક્તિની આપણે જાણે - અજાણે હાંસી ઉડાવીએ છીએ એવું લાગશે. માટે દરેક જણ પોતાથી શરૂવાત કરે એજ અભ્યર્થના. ઓમ શાંતિ...

**લક્ષ્મીબેન મણીલાલ નાગડા**


**DEEPAK MAVJI DHAROD** Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.પ. H-2750)

## Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.પ.)

# સંબંધો કમાઓ

એક દિવસ હું મારા એક મિત્ર સાથે તત્કાલ કેટેગરીમાં પાસપોર્ટ બનાવવા અમદાવાદ પાસપોર્ટ ઓફીસે ગયો હતો. લાઈનમાં ઉભા રહીને અમે પાસપોર્ટનું તત્કાલ ફોર્મ ભર્યું. ગણો સમય થઈ ગયો હતો, હવે અમારે પાસપોર્ટની ફીઝ જમાં કરવાની હતી. જેવો અમારો નંબર આવ્યો કે તરતજ ઓફિસર સાહેબે બારી બંધ કરી દીધી અને કહ્યું કે ટાઈમ પૂરો થઈ ગયો છે હવે કાલે આવજો.

મેં સાહેબને ખુબ આજીજી કરી, કહ્યું અમે ખુબ દુરથી આવ્યા છીએ, અમે આખો દિવસ આ કામ માં ખરચ્ચો છે અને હવે માત્ર ફીસ ભરવાની બાકી રહી છે મહેબાની કરીને ફીસ જમાં કરીલો. ઓફિસર તો ગુસ્સે થઈ ગયા.

બોલ્યા : તમે આખો દિવસ ખરાચ્યો તો એના માટે શું હું જવાબદાર છું ?

અરે સરકારને કહો કે વધારે ઓફિસરની ભરતી કરે. હૂંતો સવારથી મારું કામજ કરી રહ્યો છું!!

ખેર, મારો મિત્ર ઉદાસ થઈને બોલ્યો, ચાલ હવે કાલે આવીશું.

મેં એને રોકીને કહ્યું ઉભોરે ફરી એકવાર કોશિશ કરી જોવું. ઓફિસર સાહેબ પોતાનો થેલો લઈને કેબીનમાંથી બહાર ગયા, હું કઈ બોલ્યો નહિ, ચુપચાપ એમની પાછળ ગયો. એ એક કેન્ટીનમાં ગયા અને થેલામાંથી પોતાનું લંચ-બોક્ષ કાઢીને ધીમે ધીમે એકલા ખાવા લાગ્યા. હું એમની સામેની બેંચ પર જઈને બેઠો. મેં કહ્યું તમારી પાસે તો ખુબ કામ છે. રોજ નવા નવા લોકોને મળવાનું થતું હશે. એમને કહ્યું હા, હું રોજ મોટા અધિકારીઓને મળું છું, કોઈ આઈ.એ.એસ. કોઈ આઈ.પી.એસ. વિધાયક, નેતા બધા અહીં આવે છે મારી ખુરસીની સામે મોટા મોટા લોકો રાહ જુવે છે.

પછી મેં એમને પૂછ્યું તમારી પ્લેટમાંથી એક રોટલી હું પણ ખાઈ લઉં ?

એમણે હા કહી, હું પ્લેટમાંથી એક રોટલી ઉઠાવીને શાક જોડે ખાવા લાગ્યો. મેં ખાવાના વખાણ કરતા કહ્યું તમારી પત્ની ખુબ સ્વાદીષ્ટ જમવાનું બનાવે છે. મેં એમને કહ્યું, સાહેબ તમે ખુબ મહત્વપૂર્ણ સીટ પર બેઠા છો, મોટા-મોટા લોકો તમારી પાસે આવે છે. પણ શું તમે તમારી ખુરસીની ઈજ્જત કરો છો ?

તમે ખુબ ભાગ્યશાળી છો કે તમને આટલી મહત્વની જવાબદારી મળી છે, પણ તમે તમારા કામની ઈજ્જત નથી કરતા. એમણે મને પૂછ્યું એવું તમે કેવી રીતે કહી શકો ?

મેં કહ્યું, જો તમે તમારા પદની ઈજ્જત કરતા હોત તો તમે આવા રુસ્ટ અને ક્રોધી સ્વભાવવાળા ન હોત. જુવો તમારો કોઈ મિત્ર પણ નથી, તમે રોજ કેન્ટીનમાં એકલા જમો છો. તમારી ખુરસી પર પણ ઉદાસ થઈને બેસો છો. લોકોનું થતું કામ પુરૂ કરવાની જગ્યાએ અટકાવાની કોશિશ કરો છો.

બહાર ગામથી આવી સવારથી હેરાન થતા લોકોની વિનંતી ઉપર કહો છો કે સરકાર ને કહો કે બીજા ઓફિસરોની ભરતી કરે ? અરે બીજા ઓફિસરો વધવાથી તમાંરુજ મહત્વ ઘટશે અને કદાચ તમારી પાસેથી આ કામ પણ છીનવાઈ જાય. ભગવાને તમને તક આપી છે સંબંધો બનાવવાની. પણ તમારું દુર્ભાગ્ય જોવો, તમે એનો લાભ લેવાની જગ્યાએ સંબંધો બગાડી રહ્યા છો.

અમારું શું છે ? કાલે આવી જઈશું કે પરમ દિવસે આવી જઈશું. પણ તમારી પાસે તો મોકો હતો કોઈને રૂણી બનાવવાનો, તમે એ પણ ચુકી ગયા. મેં કહ્યું પૈસા તો ખુબ કમાઈ લેશો પણ સંબંધો નહિ કમાઓ તો બધું બેકાર છે. શું કરશો પૈસાનું ?

તમારો વ્યવહાર ઠીક નહીં રાખો તો તમારા ઘરવાળા પણ તમારાથી દુઃખી રહેશે. મિત્રો તો પહેલેથીજ નથી. મારી વાત સાંભળીને ઓફિસર સાહેબ રડવા જેવા થઈ ગયા. બોલ્યા કે, તમે વાત સાચી કહી સાહેબ,

હું ખુબ એકલો છું. પત્ની ઝઘડો કરી પિયર જતી રહી છે. છોકરાઓ પણ મને પસંદ નથી કરતા. માં છે પણ એ પણ ખાસ વાત નથી કરતી. સવારે ચાર પાંચ રોટલી બનાવીને આપે છે અને હું એકલો એકલો ખાઈ લઉં છું. રાત્રે ઘરે જવાનું પણ મન નથી થતું. ખબર નથી પડતી કે ગડબડ ક્યાં છે. હું ધીમેથી બોલ્યો, પોતાની જાતને બીજા જોડે જોડો. કોઈની મદદ થઈ શકતી હોય તો કરો. જુવો હું અહીં મારા મિત્રના પાસપોર્ટ માટે આવ્યો છું. મારી પાસે તો પાસપોર્ટ છે. મારા મિત્ર માટે મેં તમારી જોડે આજીજી કરી, વિનંતી કરી. નિસ્વાર્થ ભાવે. માટે મારી પાસે મિત્ર છે, તમારી પાસે નથી. તેઓ ઉભા થયા અને મને કહ્યું તમે મારી કેબીનમાં આવો હું આજેજ ફીઝ જમા કરીશ. અને એમણે કામ કરી દીધું ત્યાર બાદ એમણે મારો ફોન નંબર માંગ્યો અને મેં નંબર આપી દીધો. થોડાક વર્ષો વીતી ગયા....

એક દિવાળી ઉપર એક ફોન આવ્યો. પીયુષ કુમાર સોલંકી બોલું છું સાહેબ

તમે મારી પાસે તમારા કોઈ મિત્રનો પાસપોર્ટ બનાવવા આવ્યા હતા અને તમે મારી જોડે બેસીને રોટલી પણ ખાધી હતી તમે કહ્યું હતું કે પૈસાની જગ્યાએ સંબંધ બનાવો.

મને એકદમ યાદ આવી ગયું. મેં કહ્યું હાજી સોલંકી સોહબ, કેમ છો ? એમણે કહ્યું સાહેબ તમે એ દિવસે જતા રહ્યા પછી મેં ખુબ વિચાર્યું. મને લાગ્યું કે પૈસા તો ઘણા લોકો આપી જાય છે પણ જોડે બેસીને જમવા વાળું કોઈ નથી મળતું. સાહેબ, હું બીજાજ દિવસે મારી સાસરીએ ગયો અને ખુબ પ્રાર્થના કરીને પત્ની ને ઘરે લાવ્યો. એ માનતીજ ન હતી, જ્યારે એ જમવા બેઠી તો મેં એની પ્લેટમાંથી રોટલી લઈને કહ્યું, સાથે જમાડીશ ?

એ દંગ રહી ગઈ રોવા લાગી, મારી સાથે ચાલી આવી. છોકરાઓ પણ સાથે આવ્યા.

સાહેબ હવે હું પૈસા નથી કમાતો, સબંધ કમાઉં છું. જે આવે છે એનું કામ કરી આપું છું.

સાહેબ આજે તમને હેપ્પી દિવાળી કહેવા માટે ફોન કર્યો છે.

આવતા મહીને મારી દીકરીના લગ્ન છે. તમારે સહ-પરિવાર આવવાનું છે. દીકરીને આશીર્વાદ આપવા.

સંબંધ જોડ્યો છે તમે.... એ બોલતા રહ્યા....હું સાંભાળતો રહ્યો....

વિચાર્યું નહોતું કે સાચ્ચેજ એમના જીવનમાં પણ પૈસા ઉપર સંબંધો ભારે પડશે.

દોસ્તો... માણસ ભાવનાઓથી સંચાલિત થાય છે, કારણોથી નહીં કારણોથી તો મશીન ચાલે




ADVERTISING - DESIGNING - PRINTING - FLEX BANNERS
COMPUTERISED HOROSCOPE, KUNDLI MATCH MAKING
IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.
ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS, MEDIA PUBLICITY
Logon
(જા.ખ.)
CONTACT: RIDESH RAMESH JAGIRDAR 66780780, 98499 88999


**स्वच्छ भारत - स्वस्थ भारत**

**જીવનમાં રક્ત દાન - મૃત્યુ બાદ નેત્ર દાન**



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

## Answer to the last month's quiz

1) Yea raate ye mausam nadi ka kinara, ye chanchal hawa.
2) Dhal gaya din, ho gai sham jane do jana hai
3) Mai to bhul gayi babul ka desh, piya ka ghar pyara lage
4) Kya hua tera vada vo kasam vo irada, bhulega jis din..
5) Chura liya hai tumne jo dil ko, nazar nai churana
6) Har gadi badal rahi hai roop zindgi
7) Kahe du tumhe ya chup rahu dil me mere aaj kya hai.
8) Sun sahiba sun pyar ki dhun
9) Kehana hai aaj tumse ye pehali bar, tumhi to laye mere jeevan me pyar pyar pyar
10) Kaun hai jo sapno me aaya, kon hai jo dil me samaya.

---

### The persons who have given correct answers :-

Veena Gosar, Vaisali Sanghoi, Bharati K. Dharod, Priyanka Gala, Hetree Ravi Gosar, Akash M. Shah, Vipul D. Savla, Bhoomika Laxmichand Savla, Madhavi Shreyas Shah, Rupal Savla, Jyoti S. Parekh, Narendra Dharamshi Dagha, Megha Dhiresh Shah, Riddhi Chawda, Nita D. Malde, Vaishali Hitesh Heniya, Heena Vipul Gala, Dhrupti Himesh Dedhia, Sonal Piyush Gosar, Jyothi Laxmichand Nagda, Nitin Dunarshi Gada.

## QUIZ FOR THE QUARTER

Ten Sentences are given below.

The name of a country is hidden in the consecutive Letters within a sentence. For instance "France" is hiding in the following sentence.

"The runners who lived at the top of the cliff ran Centuries ago.
(clifF RAN CEnturies)

Now start cracking....

1) You all must pay it back or each of you will be in trouble.
2) Was Dr. Dolittle's favourable animal a glib yak ?
3) A true optimist will never let hope rush away.
4) How often can a day dream come true ?
5) Is there a health spa in this hotel ?
6) They are going in diametrically Opposite direction.
7) Is the country fair and nice place to visit ?
8) The leg with which I lead is my left one.
9) He owns a ranch in arizona
10) The foods we deny ourselves are usually tasty.

You can send your answers on the above mentioned mobile number by "Whatsapp" or SMS on or before 30th May 2015. With your full name. The persons who have given All correct answers will be published in the next issue.


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.),**

અરિહંત સુલભ, જૈન મંદિરની બાજુમાં, ફ્લેટ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, કાચીગુડા, હૈદ્રાબાદ.

**આપણ કચ્છી સામાજીક સંસ્થાઓની કારોબારી સમીતીની સભાઓ માટે શ્રી કુલપાકજી તીર્થ યાત્રા સંઘના નૂતન કાર્યાલયમાં વિના મુલ્યે વ્યવસ્થા કરી આપવામાં આવશે.**

અનેક પ્રકારના પૌષ્ટીક તથા સ્વાદીષ્ટ ફરસાણ, અનાજ, મસાલા ઈત્યાદી વસ્તૂઓનું વિતરણ પુર જોષમાં ચાલુ છે.

સંપર્ક : **હંસકુમાર રાયચંદ સાયલા** - સંચાલક, ફોન : ૯૨૪૬૫ ૩૨૫૮૫ (જા.ખ.)

# RUDHAV BOUTIQUE

We are here with the latest designer Sarees, Gowns, Heavy Blouses with embroidery work & dresses like anarkali, Lenghas from upcoming catalogue and the net design, also take orders of sleeping kit for traveling, gents puja jodi's. We do have professional tailor for dress blouses and also for the gowns. Bandhani Dresses are also Available. WE ARE ALSO IN EVENT PLANNING

for details contact : **Madhuri Mahendra Heniya, Ph : 99516 45020**

(જા.ખ.)

# JAI MAHAVEER

***Seasons Greeting to all of you......***

We cater, our services to all your water proofing requirements with "Nano Technology Products" and expertise workers with efficient working system.

Besides, we carry out colouring and painting assignments to your flats, offices and other commercial establishments as per the need of the hour.

For Details Contact : **VARDHAMAN D. SHAH**

**NAMAN CONSTRUCTION SOLUTIONS,**

**Opp. Patel Samajwadi, Lingampally, Basanth Theatre Road,**

**Kachiguda, Hyderabad - 500 027 Phone : 98853 41835**

***"Always remember A Stitch in time saves nine"***

(જા.ખ.)

# કચ્છી ઓસવાલ મ્યુચલી ઍડેડ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી .લી.

રજીસ્ટર્ડ નં. AMC/HYD (4) 96/13

૧૦૧, એસ.વી. ફોરચ્યુન, ઈડનબાગ, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫ (તેલંગાના)

## ૧૯મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

માનનીય સભ્યો, તા. ૨૧-૫-૨૦૧૫

સવિનય સાથે જણાવવાનું કે સોસાયટીની ૧૯ મી વાર્ષિક સામાન્ય સભા **તા. ૧૪-૬-૨૦૧૫,** રવિવાર સવારના ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ મધ્યે નીચે જણાવેલ કામકાજ માટે મળશે. દરેક સભ્યને સમયસર પધારવા વિનંતી.

## કાર્યસૂચી

૧) ચેયરમેનશ્રી નું સ્વાગત પ્રવચન

૨) ગત તા. ૧૩-૭-૨૦૧૪ ના યોજાએલ ૧૮મી વાર્ષિક સામાન્ય સભાની મિનિટસનું વાંચન અને મંજૂરી.

૩) મેનેજીંગ ડાયરેક્ટરના અહેવાલનું વાંચન.

૪) નાણાંકીય વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ના ઑડિટેડ હિસાબની રજૂઆત અને મંજૂરી

૫) વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે બોર્ડ દ્વારા ભલામણ કરેલ શેયર ઉપર ડીવીડન્ડને મંજૂરી.

૬) વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે બોર્ડ દ્વારા ભલામણ કરેલ પેટ્રોનેજ રિબેટને મંજૂરી

૭) નાણાંકીય વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે ઑડિટરની નિમંણુક તથા તેમનું મેહનતાણું નક્કી કરવું.

૮) સોસાયટીમાં બંધારણમાં બોર્ડ દ્વારા ભલામણ કરાયેલ સુચીત ફેરફારોને મંજુરી.

૯) ચેરમેનશ્રીની મંજુરીથી ઉપસ્થિત વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવી.

૧૦) સોસાયટીની બંધારણની કલમ ૨૬(૨) મુજબ વર્ષ ૨૦૧૫-૨૦૧૮ (ત્રણ વર્ષ માટે) ચાર ડાયરેક્ટરોની ચુંટણી કરવી.

૧૧) આભાર વિધી.

બોર્ડના આદેશ થી

**અરવિંદ કેશવજી છેડા**

મેનેજીંગ ડાયરેક્ટર

નોંધ : ૧) કોઈ પણ સભ્ય ને હિસાબ વિશે માહિતિ જોઈતી હોય તો તેમણે સોસાયટીના કાર્યાલયમાં લેખીત અરજી તા. ૦૬-૦૬-૨૦૧૫ સુધી આપવાની રહેશે.

૨) બંધારણની કલમ ૨૩ (૧૬) મુજબ સામાન્ય સભા માટે કોરમ ૫૦ સભ્યોની છે. કોરમનાં અભાવે સભા અગામી તારીખ સુધી મુલ્તવી રાખવામાં આવશે.

### કાર્યસૂચીની ક્રમાંક ૧૦ અંગે રજૂઆત

સોસાયટીના બંધારણની કલમ ૨૬ (૨) મુજબ દર વર્ષે ચાર ડાયરેક્ટરો નિવૃત થાય છે અને દર વર્ષે ચાર ડાયરેક્ટરોની (ત્રણ વર્ષની મુદ્દત માટે) ચુંટણી થાય છે.

**સભા બાદ સ્વરૂચી ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.** (જા.ખ.)

**CA. DIPTI CHHEDA'S**

# CONCEPT CLASSES

# CA - CPT / IPCC

## Special Batch for CPT Maths

**IPCC Group II Batch Starting on 25th May 2015**

**Batch for Tally ERP 9 with Basic Accounting Concepts**

**Integrated Batch for Inter II Year+CPT Starting on 7th June 2015**

- Special formulae Notes on Quantitative Aptitude.
- Flow chart notes for Accounting Standards.
- Printed notes in work book form for every subject.
- Booster revision classes & Booster test series before exam.
- Special 1 day revision class on projector before examination.
- Chapter wise weekly class test with Suggested answers & detailed feedback.
- Special Classes for Inter Students (Accounts & Maths)
- Only 30 students per batch.
- AC Classroom.
- Library facility available.
- Reading room facility available.

**For Details Contact : Ph : 90309 19237, 92465 39616**

## *LOOKING FOR AN ACCOUNTANT ??*

***Part / Fulltime Accounting Solutions***
***Inventory / Payroll / Statutory Matters***
***E-Commerce Advisory Services***
***Temp. Staffing, Business Advice, E-Filing, ERP***
***Contact : ALOK DAGA Ph : 9573657890***

(જા.ખ.)

***Spend more time running your business & less time managing your books.***



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન થાય છે. જેનો નકરો વ્યક્તી દિઠ રૂા. ૫૦/- માત્ર છે. તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/- છે. અનુકુળતાએ નવગ્રહ મંદીરનો પણ આયોજન થશે. જેની સમય સમયપર જાહેરાત કરવામાં આવશે.

પાલીતાણા, ગીરનાર, કચ્છ પંચતીર્થ યાત્રાનો ભવ્યાતી ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. શુભ પ્રસ્થાન માગસર સુદ ૨ શનિવાર ને તા. ૧૨ ડિસેમ્બર ૨૦૧૫ સીકંદ્રાબાદથી રહેશે. તથા માગસર સુદ ૧૪ ગુરૂવાર તા. ૨૪ ડિસમ્બર ૨૦૧૪ ના સીકંદ્રાબાદ પાછા ફરશું. નામો લખાવવાની છેલ્લે તારીખ આષાઢ સુદ પૂનમ શુકવારને તા. ૩૧ જુલાઈ ૨૦૧૫ રાખવામાં આવેલ છે. છેલ્લી તારીખની રાહ ન જોતા તુરંત નામ નોંધવવા વિનંતી જેથી વ્યવસ્થા જાળવવામાં સુગમતા રહે. શ્રી સંઘે મુકરર કરેલ યોજનાના લાભાર્થી મળી જશે તો નજીવા નકરામાં સર્વે ભાવિકોને યાત્રા કરાવી શકશું માટે યોજનાઓનો લાભ લઈ પુણ્યાર્જન કરવા ભાવભર્યું આમંત્રણ છે.

રવિવાર તા. ૧૯ એપ્રીલ ૨૦૧૫ ના શ્રી કુલપાકજી તીર્થ ક્ષેત્રે જ્યોતીષાચાર્ય પ.પૂ. ગુરૂદેવ સર્વોદય મહારાજ સાહેબનો મહાપ્રભાવશાલી મહામાંગલીક કાર્યક્રમ હોવાથી શ્રી સંઘ દ્વારા ત્રણ બસની વ્યવસ્થા હતી બે બસો કાચીગુડાથી તથા એક બસ ચૈતન્યપુરીથી વ્યવસ્થા કરવામાં આવેલ. ભાવિકોએ ઉલ્હાસપૂર્વક વાતાવરણમાં યોજનાનો લાભ લઈ શ્રી સંઘની ભુરી-ભુરી અનુમોદના કરેલ એક બસના લાભાર્થી હતા માસ્ટર હેતાલી ત્થા ફેનીલ ભાવેશ ભેદા હસ્તે શ્રી ભાવેશભાઈ, બીજી બસના લાભાર્થી હતા માતુશ્રી રાજબાઈ પદમશી મોતા હ. શ્રીમતી છાયાબેન વસંત મોતા તથા ત્રીજી બસના લાભાર્થી હતા માતુશ્રી પ્રભાબેન મણીલાલ સંઘોઈ હસ્તે શ્રી હિતેનભાઈ સંઘોઈ ચી. શ્રુતીના શુભ લગ્નની ખુશાલીમાં. મહામાંગલીક દરમ્યાન પાલીતાણા, ગીરનાર કચ્છ પંચ તીર્થ યાત્રાના પોસ્ટરનુ વિમોચન કરવામાં આવેલ. મહામાંગલીક પછી શ્રી સ્વામાવાત્સલ્યના દાતા હતા શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતી માતુશ્રી દેવયાની બેન કલ્યાણજી રામજી રવજી સોપાલ ગાલા કચ્છ મોટા લાયજા હાલ મુંબઈ હસ્તે શ્રીમતા મમતાબેન ભુપેંદ્ર કલ્યાણજી ગાલા શ્રી સ્વામીવાત્સલ્ય દાતા પરિવારના પ્રતિનિધિ રૂપે શ્રી કાન્તીલાલ વિરચંદ લોડાયા (જાગીરદાર) પરિવારનું બહુમાન કરવામાં આવેલ. બપોરના આયોજીત સ્નેહ મીલનમાં બસના લાભાર્થી પરિવારનું બહુમાન કરવામાં આવેલ યાત્રાનો કાર્યક્રમ સફળ બનાવવા શ્રી સંઘના સંચાલકે જોરદાર અપીલ કરેલ એના પ્રત્યુતરમાં શ્રી નલીનભાઈ ખારા આદી મહાનુભાવોનું સંપૂર્ણ સહકારનું આશ્વાસન પ્રાપ્ત થયેલ.

મંગલવાર તા. ૨૧-૪-૨૦૧૫ ના શ્રી સંઘના નવા પ્રતિષ્ઠાનમાં શ્રી જીનેશ્વર ધામ મંદીરના બન્ને મહિલા મંડળે શાંતી સ્નાત્ર ભણાવેલ. પ.પૂ. સાધ્વીજી મહારાજ સાહેબ વિજયપુર્ણા મહારાજ સાહેબે નવા પ્રતિષ્ઠાનમાં પગલા કરી માંગલીક સંભળાવેલ. નવા પ્રતિષ્ઠાનમાં શ્રી સંઘ દ્વારા અનેક વિધ પ્રવૃત્તીઓ હાથ ધરાશે. પૌષ્ટીક તથા શુધ ખાદ પદાર્થનું વિતરણ વ્યાજબી ભાવે કરવામો આવશે. કાર્યાલયનો સમય હાલ સવારના ૧૦ થી ૧૨ તથા સાંજના ૪ થી ૬ રહેશે. સુંદર - સુંદર પ્રવૃત્તીઓ બાબત આપ સર્વેના સુઝાવ અવકાશ છે. તથા સેવાભાવે કાર્યકર્તાઓની સેવાની આવશ્યક્તા છે. પોતાનું અમુલ્ય સમય આપી શકનાર કાર્યકર્તાઓને વિનંતી કે સંચાલક શ્રીનો સંપર્ક કરે.

શ્રી સંઘના આજીવન સભ્ય પદ ની નોંધણી પુર જોષમાં ચાલી રહેલ છે. વેલી તકે શ્રી સંઘના સભ્ય બની જવા વિનંતી છે. સંકલ્પ અનુદાન પત્રોનું વિતરણ પણ સાથે સાથે ચાલી રહ્યો છે. રૂા. ૧૧૧૧/- સંકલ્પ અનુદાન પત્રનો નકરો છે. આપણા પરિવારના શુભ પ્રસંગો નિમીત્તે સંકલ્પ અનુદાન પત્ર લઈ પુણ્યાર્જન કરશોજી. આપશ્રીના પરિવારજનો ની સ્મૃતીમાં પણ સંકલ્પ અનુદાન પત્ર પ્રાપ્ત કરી શકો છે. સંકલ્પ અનુદાન પત્ર ની રકમ ફિક્સ ડિપોઝીટ માં રાખી એના વ્યાજ માંથી સર્વ સાધારણ નિભાવ ખર્ચ કરવામાં આવે છે. માટે આ યોજનાનું લાભ લેવા ચુકશો નહીં.

**"VISON 2020"** : સાલ ૨૦૨૦ સુધી શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘનાં અત્યાધુનીક ભવન ઉભો થશે. જેમા ભોજન શાલા, પાઠશાલા, વાચનાલય ઉપાશ્રય એવી એકન પ્રવૃત્તીઓ પૂર જોષમાં ચાલુ થશે. આપનો યોગદાન આ સપનો સાકાર કરવા મદદ રૂપ થશે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :* **માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,** ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ
હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર
(જી.મ.)